GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# આત્મકથામાં પ્રતિબિંબિત સમાજજીવન: શારદાબહેનની આત્મકથાના સંદર્ભમાં

## ડૉ. મોસમ ત્રિવેદી

આસિસ્ટન્ટ પ્રોફેસર
સમાજશાસ્ત્ર વીભાગ
વી.ન.દ.ગુ.યુ.
સુરત
Email. mosamtrivedi@yahoo.com

**સારાંશ:**

*સાહિત્ય અને સમાજ એક બીજાનું દર્પણ છે. સાહિત્યમાં કલ્પનાનો અવકાશ હોવાછતાં તે વાસ્તવિકતાથી અળગું થઇ શકતું નથી. સાહિત્યમાં સર્જાતી વાર્તા, નવલકથા કે કવિતાઓની રચના કરતી વખતે સામાજિક પરિસ્થિતિઓ, ઘટનાઓ અને ભાવો કેન્દ્ર સ્થાને રહે છે. પરંતુ આત્મકથા સ્વરૂપે લખાયેલ સાહિત્ય વાસ્તવિક સમાજનું એક અનુભવજન્ય ચિત્ર ઉભું કરે છે. આ અનુભવિક વિશ્વને લેખકે જીવેલું હોય છે. આત્મકથાના માધ્યમથી જે તે સમકાલીન સમાજનું વાસ્તવદર્શી ચિત્ર જાણી શકાય છે. સાહિત્યના સમાજશાસ્ત્ર માટે આ રસનો વિષય રહ્યો છે. અહીં શારદાબહેનની આત્મકથાના માધ્યમથી ઓગણીસમી સદીના ગુજરાતમાં સ્ત્રીઓના શિક્ષણ વિષેના સામાજિક ખ્યાલો જાણવાનો પ્રયાસ થયો છે. વીસમી અને એકવીસમી સદીમાં ભારત અને ગુજરાતમાં સ્ત્રીઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દરજ્જામાં જે પણ પરિવર્તન આણી શકાયું તે ઓગણીસમી સદીમાં શારદાબહેન મહેતા જેવી સ્ત્રીઓના સંઘર્ષ થકી શક્ય બન્યું. તેમની આત્મકથા દ્વારા સ્ત્રીઓના સામાજિક અભ્યાસનું દસ્તાવેજીકરણ છે. અહીં તેમની આત્મકથાના માધ્યમથી લૈંગિક સમાનતાના ક્ષેત્રે કામ કરતી સ્ત્રીઓના ઈતિહાસને સામાજિક દ્રષ્ટીએ સમજવાનો પ્રયાસ થયો છે.*

## પ્રસ્તાવના:

સામાન્ય રીતે સાહિત્ય જગતમાં જે કંઇક લખાતું હોય છે તેમાં જે તે સમયગાળાની અસર વરતાતી હોય છે. એટલે જ જે તે સમયે રચાયેલા સાહિત્યને આધાર તે સમયના સમાજજીવનને સમજ કેળવી શકાય છે. સમાજજીવનનો અભ્યાસ કરનાર સંશોધકોએ સમાજ વિષેની સમજ મેળવવા જુદા જુદા સમયે સર્જાયેલ સાહિત્યને ધ્યાને રાખતા હોય છે. સમાજ ક્યારેય સ્થીર હોતો નથી, તે સતત બદલાતી વાસ્તવિકતા છે. સમાજમાં આવતા પરિવર્તનની અસર તેના સાહિત્ય સર્જન પર પણ પડતી હોય છે. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં તેનું પ્રતિબિંબ જોઈ શકાય છે એ પછી તે વાર્તા હોય, નવલકથા હોય કે લોક ગીત હોય. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં લાગણીઓની અભિવ્યક્તિ કરતી વખતે સમયના પરિમાણને ધ્યાને લેવામાં આવ્યું હોય છે. અલબત્ત વાર્તા નવલકથામાં કાલ્પનિક પાત્રો અને પરિસ્થિતિનો અવકાશ રહેલો હોય છે. પરિણામે લેખક લાગણીઓને વ્યક્ત કરવા માટે સમાજજીવનની પરિસ્થિતિ પરત્વે થોડી છૂટછાટ લઇ શકે છે. પરંતુ સમાજવિજ્ઞાન વાસ્તવિક સામાજિક પરિસ્થિતિનો તાગ મેળવવા સાહિત્યનો સાધન તરીકે ઉપયોગ કરતુ હોય છે. જે જુદા-જુદા સમયે આવેલ સામાજિક સંઘર્ષ અને પરિવર્તનને સમજવા ઉપયોગી થઇ પડે છે. સમાજજીવનને સમજવા માટે આમતો અનેક સાહિત્ય કૃતિનો સમાવેશ કરી શકાય એમ છે. પરંતુ સમાજજીવનનું નજીકથી વાસ્તવ દર્શન કરાવા માટે આત્મકથા અને જીવનચરિત્ર જેવા સાહિત્યને સમાજવિજ્ઞાનીઓએ ધ્યાને લેવા આવશ્યક છે.

https://www.gapbhasha.org/

### સાહિત્યનું સમાજશાસ્ત્ર:

સાહિત્યનું સમાજશાસ્ત્ર એ સંસ્કૃતિના સમાજશાસ્ત્રનું પેટાક્ષેત્ર છે. તે સાહિત્યમાં આલેખિત સામાજિક ઘટનાઓ અને તેની સામાજિક અસરોનો અભ્યાસ કરે છે. સાહિત્ય અને સમાજશાસ્ત્ર વચ્ચે સહસંબંધ રહેલો છે. સામાજિક સંશોધકો તરીકે સાહિત્યમાં આલેખિત સમાજની ઘટનાનોઓને સમાજશાસ્ત્રીય રીતે સમજવાનો પ્રયાસ કરે છે. મૂળ તો સાહિત્યના વિષયોમાં કૃતિઓના માધ્યમથી સમાજ જીવનને સમજાવતા અભ્યાસ થતા રહ્યા છે, પરંતુ સાહિત્યનું સમાજશાસ્ત્ર એ સાહિત્યના સામાજિક વિશ્લેષણ માટેનો નવીન અભિગમ છે. જેનાથી ચોક્કસ સમુદાયના સામાજિક પરિવર્તન સાથે જોડાયેલ પાસાઓને સમજી શકાય. તેમાંય આત્મકથાઓ દ્વારા જે તે સમયગાળાનું વાસ્તવદર્શી સામાજિક ચિત્ર દર્શાવે છે.

### ગુજરાતની કેટલીક જાણીતી આત્મકથાઓ:

ગુજરાતમાં આત્મકથા લખવાની શરૂઆત સુરતની ભૂમિ પરથી થઇ. ઓગણીસમી સદી ગુજરાતનો સુધારક યુગ કહી શકાય. જેની અસર વીસમી સદીના શરૂઆત ત્રણેક દાયકાઓ સુધી રહી. સ્વાતંત્ર્ય ચળવળ વેગવંતી બનતા સામાજિક સુધાની પ્રવૃત્તિ થોડી ધીમી પડે છે. પણ સુધારક યુગના ગુજરાતમાં પોતાના વિચારોને વ્યક્ત કરવા આત્મકથા લખવાની શરૂઆત થાય છે. ગુજરાતમાં સૌ પ્રથમ નર્મદ દ્વારા પોતાની આત્મકથા 'મારી હકીકત' પ્રકાશિત થાય છે. 'મારી હકીકત'નું સાહિત્યમાં આત્મકથા સ્વરૂપે તેનું જેટલું મહત્વ છે તેટલું જ નર્મદના સામાજિક રૂઢિઓ સામેના સંઘર્ષને સમજવા સમાજવિજ્ઞાનીઓ માટે પણ ઉપયોગી છે. આ સંદર્ભે નર્મદને એક સાહિત્યકાર તરીકે જોવા કે સમાજસુધારક તરીકે સમજવો એ જે તે વિષયના અલગ દ્રષ્ટિકોણ પર નિર્ભર કરે છે.

નર્મદ પછીના સમયમાં સમાજજીવન કે જાહેરજીવનમાં પડેલ અનેક લોકોએ પોતાના અનુભવો અને સંઘર્ષના આધારે આત્મકથા રૂપે સાહિત્યનું સર્જન કર્યું. જેમાં મહાત્મા ગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો', ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા (છ ભાગ) 'આત્મકથા', સુમંત મહેતાની 'આત્મકથા', શારદાબહેન મહેતાની 'જીવનસંભારણા' વગેરે જેવી આત્મકથાઓ નોંધનીય છે. આ સર્વે આત્મકથાઓમાં સુધારક વિચારો ધરાવતા અને ગાંધીવાદી સમયના સમાજ જીવન અને તેના પ્રશ્નોની ઝાંખી થાય છે. અહીં દરેકના જીવનની આત્મકથા ધ્યાને લેવાના સ્થાને ઓગણીસમી સદીના અંતે અને વીસમી સદીના શરૂઆતના ગુજરાતના નવીન સમાજજીવનનું પ્રતિબિંબ દર્શાવતી એવી શારદાબહેનની આત્મકથા 'જીવનસંભારણા'ને ધ્યાને લેવામાં આવી છે.

શારદાબહેન એક એવું વ્યકતિત્વ છે જેમનો જન્મ ઓગણીસમી સદીમાં ૨૬ જુન ૧૮૮૨ના રોજ અને અને જીવનકાર્ય વીસમી સદીમાં રહ્યું. તેઓ ગુજરાતમાં આધુનિક સ્ત્રી શિક્ષણના અધિષ્ઠાત્રી કહી શકાય. ઓગણીસમી સદીના મધ્યભાગમાં ૧૮૪૮માં અમદવાદમાં પ્રથમ કન્યાશાળા દ્વારા  ગુજરાતમાં સ્ત્રી શિક્ષણના મંગલાચરણ શરૂ તો થાય છે પરંતુ તે શાળા શિક્ષણ સુધી મર્યાદિત રહ્યું હતું. કોલેજના ઉચ્ચશિક્ષણની પદવી પ્રાપ્ત કરતા ગુજરાતની સ્ત્રીઓને ઠીક ઠીક પચાસ વર્ષનો સમય લાગે છે. શારદાબહેન મહેતાની સાથે તેમની જ બહેન અને સુધારક નીલકંઠ પરિવારની પુત્રવધુ વિદ્યાગૌરી નીલકંઠ પણ ૧૯૦૧માં સ્નાતકની પદવી મેળવે છે. અભ્યાસ દરમિયાન થયેલા સામાજિક અનુભવોથી જ શારદાબહેનનો સમાજ સંઘર્ષ શરૂ થઇ જાય છે. સ્ત્રીશિક્ષણને લઈને સમાજનો અભિગમ અને અભ્યાસ કરતી સ્ત્રીઓના પ્રશ્નોને સમજ માટે શારદાબહેનની આત્મકથા આજે પણ વિશેષ મહત્વ ધરાવે છે. અભ્યાસ બાદ તેમની સામાજિક જવાબદારી વધારે ઘનિષ્ઠ બને છે. જેથી ઉચ્ચ અભ્યાસ કરેલી સ્ત્રીઓ વિષે સમાજની કુંઠિત વિચારસરણીને બદલી શકાય. તેમના સમાજજીવનના કાર્યો અને અનુભવોને આધારે તેઓ વર્ષ ૧૯૮૩માં પોતાની આત્મકથા 'જીવન સંભારણા'માં લખે છે. ગુજરાતીમાંથી ખૂબ ઓછી પુસ્તકોનો અંગ્રેજી અનુવાદ થાય છે ત્યારે શરદાબહેનની આત્મકથાનો અંગ્રજી અનુવાદ 'REMINISCENCES' નામે પ્રકશિત થયું છે.

### શારદાબહેનની આત્મકથામાં વ્યક્ત થતું સમાજજીવન: (૧૮૮૨-૧૯૭૦)

શારદાબહેનના જીવનની વાત શરૂ કરતા પહેલાં ગુજરાતમાં શિક્ષિત સ્ત્રીઓ પરત્વે કેવો અભિગમ હતો, તે સમજવા માટે એક પ્રસંગ ઉપયોગી થઈ પડશે. ૧૯૮૮માં મુંબઈની પ્રથમ પારસી મહિલા સ્નાતક મિસ કોર્નોલિઆ સોરાબજી

https://www.gapbhasha.org/

અમદાવાદમાં જયારે ગુજરાત કોલેજમાં ફેલો તરીકે નીમવામાં આવે છે ત્યારે અમદાવાદમાં નગરજનો માટે તે આશ્ચર્યજનક ઘટના હતી. એક અખબારે તો આ ઘટનાની નોંધ લેતાં લખ્યું હતું કે, '**કોલેજમાં પુરુષવિદ્યાર્થીઓને શીખવવા એક સ્ત્રીની નિમણૂક કરવી એ ૧૯મી સદીનો અજાયબી પમાડે તેવો સુધારો છે ! શું સ્ત્રી કેળવણીએ એટલી પ્રગતિ કરી છે કે મુંબઈ ઇલાકામાં કન્યાશાળાઓમાં સ્ત્રીશિક્ષકો વધી પડ્યા છે કે એક સ્ત્રીએ જરા ઊંચું શિક્ષણ લીધું હોવાથી કોલેજમાં પુરુષોને શીખવવા માટે તેમની નિમણૂક કરવામાં આવી છે?' (સત્યવક્તા ૨ જી માર્ચ ૧૮૮૨ પા.૧૬)** આ વાત એટલે નોંધવી જરૂરી છે કે, તે સમયે ગુજરાતની સ્ત્રીઓ કોલેજ શિક્ષણ સુધી પહોંચી નહોતી. વળી મહિલા શિક્ષણ પરત્વે સમાજનો અભિગમ જોઈએ તેવો કેળવાયો નહતો. એટલે જ એક સ્ત્રી કોલેજના અધ્યાપક તરીકે કામ કરે એ તે સમાજજીવન માટે આશ્ચર્યજનક ઘટના હતી. આવા સામાજિક વાતાવરણ વચ્ચે ગુજરાતની સુધારક કુટુંબમાંથી આવતી સ્ત્રી શારદાબહેન મહેતા કોલેજમાં શિક્ષણ મેળવવાનો પ્રયાસ કરે છે. ત્યારે સમાજજીવન વિશેના અનુભવો તેમની આત્મકથામાં બખૂબી વર્ણવવામાં આવ્યા છે.

શારદાબહેન મહેતા ગુજરાતના જાણીતા સુધારક ભોળાનાથ સારાભાઈના દોહિત્રી થાય. તેમના માતા બાળાબહેન ધ્રુવ અને પિતા ગોપીલાલ ધ્રુવ શારદાબહેનને શિક્ષણ પરત્વે સભાન હતા, તેમનું બાળપણ ભરૂચ, ઉમરેઠ અને અમદાવાદમાં પસાર થયું. જે સમયે છોકરીઓનાં લગ્ન નવ દસ વર્ષની વયે થઈ જતાં તેવા સમયે માતા પિતા શારદાબહેન ચૌદ વર્ષના થાય નહીં ત્યાં સુધી લગ્ન નહીં કરાવવાનું નક્કી કરે છે. આ નિર્ણય તે સમયના માતાપિતા માટે આકારો મનાતો. કારણ ચૌદ વર્ષ સુધી કુંવારી છોકરી ઘરમાં હોય તે અસામાન્ય ઘટના હતી. સગાવહાલાઓ તરફથી પણ દીકરીના લગ્ન માટે દબાણ રહેતું. તે એટલે સુધી કે અગિયાર વર્ષની વય થતાં શારદાબહેન માટે બીજવરના માગાં આવવા લાગ્યા, જો કે માતાપિતાએ અડગ રહીને શારદાબહેનનો આગળનો અભ્યાસ ચાલુ રખાવ્યો.

શારદાબહેને મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી મોટીબહેન વિદ્યાગૌરી નીલકંઠની જેમ કોલેજનો અભ્યાસ કરવાનું નક્કી કરે છે. વિદ્યાગૌરીબહેનના તો લગ્ન ગુજરાતના સુધારક ગણાતા એવા પરિવાર મહીપતરામ રૂપરામ નીલકંઠના દીકરા રમણલાલ સાથે થયા હતા. એટલે તેમનો અભ્યાસ ચાલુ રહી શક્યો. તેમણે પરણ્યા પછી કોલેજનો અભ્યાસ શરૂ કર્યો હતો. કુટુંબ અને બાળકોની જવાબદારીને પરિણામે વિધ્યાગૌરીબહેનનો કોલેજનો અભ્યાસ તૂટક તૂટક રહ્યો. શારદાબહેનની વાત જૂદી હતી, તેઓના લગ્ન થયા ન્હોતા. આખરે બંને બહેનો એક સાથે સ્નાતકનો અભ્યાસ કરી પદવી મેળવે છે. કોઈ કુંવારી છોકરી કોલેજનો અભ્યાસ કરવા જાય એ તો આશ્ચર્યજનક ઘટના હતી. ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં સ્ત્રીઓની સામાજિક ભાગીદારી પરત્વે હજી સમાજજીવન બદલાયું નહોતું. યુવા છોકરીઓનું કાર્યક્ષેત્ર ઘર પરિવારની જવાબદારી પુરતું સીમિત રહેતું. તેવામાં કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં છોકરાઓ દ્વારા અવાર નવાર હેરાનગતિ કરવામાં આવતી. આ સંદર્ભે શારદાબહેન પોતાની આત્મકથામાં જણાવે છે કે, **"અમારી બેઠક છોકરાઓની બેન્ચોથી દૂર છૂટી મૂકવામાં આવતી. પ્રોફેસર વર્ગમાં દાખલ થાય પછી જ અમે દાખલ થઈએ અને કા તો પુસ્તકમાં નજર રાખીએ અથવા ભાષણ કરતાં પ્રોફેસર તરફ નજર માંડીને બેસી રહીએ અથવા તો નોટબુકમાં લખ્યા કરીએ."** આમ વર્ગખંડમાં આટઆટલી સાવચેતી રાખવા છતાં તે સમયના લોકોએ હેરાનગતિ કરવાનું છોડ્યું નહીં. આગળ શારદાબહેન સામાજિક હેરાનગતિનું વર્ણન કરતાં જણાવે છે કે, '**લોકોએ ટીકા કરવામાં બાકી નહોતી રાખી. છોકરાઓએ પણ કનડગત કરવામાં બાકી નહોતી રાખી. નનામાં કાગળો આવે. અમારી બેઠકની ખુરશીઓ પાડી નાખે. ડેસ્ક ઉપર ગમે તેવા લખાણો લખે. બેઠક ઉપર કૌવચ નાખીને પજવણી કરે. આ બધુ તો સહન કર્યું પણ છેવટે જ્યારે મારા લગ્ન વખતે છોકરાઓએ તોફાન કરવા માંડ્યું ને વિઘ્નો નાખવાની ધમકી આપી ત્યારે દૃ:ખ થયું.**' એક કૂમળી વયની છોકરી જે માત્ર ભણવાનું સ્વપ્ન જૂએ છે, તેમના સ્વપ્નને તોડવા અનેક સામાજિક પરિબળો એકસાથે બાથ ભીડે છે. તેમની મનસ્થિતિની તો કલ્પના જ કરવી રહી.

શારદાબહેનના લગ્ન થયા બાદ અમદાવાદમાં રહીને તેઓ કોલેજનો આગળ અભ્યાસ ચાલુ રાખે છે, તેમના પતિ સુમંત મહેતા ડૉક્ટરનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ જાય છે. લગ્ન પછી પતિ-પત્ની ઘરસંસાર શરૂ કરવાને બદલે પોતાની શૈક્ષણિક કારકિર્દી પર ધ્યાન આપે છે. એકબીજાથી દૂર હોવાછતાં બંને પત્ર વ્યવહારના માધ્યમથી પરિચય કેળવે છે. આખરે ૧૯૦૨માં શારદાબહેન અને વિદ્યાગૌરી નીલકંઠ સ્નાતકની પદવી મેળવે છે. સ્નાતક થયા બાદ શારદાબહેનને પોતાની ખરી જવાબદારી સમજાવવા લાગે છે. કેળવાયેલી સ્ત્રીઓ પરત્વે સમાજનો અભિગમ બદલવાનું કાર્ય શરૂ કર્યું. સમાજમાં

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

સ્ત્રી શિક્ષણની આવશ્યકતાને સમજાવવાની હતી. ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓ પ્રવેશ મેળવે તે માટેના જરૂરી પ્રયાસો કરવાના હતા. શરૂઆતમાં તેઓ અમદાવાદમાં જ છોકરીઓ માટેના તાલીમ વર્ગો શરૂ કરે છે. જેમાં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત આરોગ્યનું જ્ઞાન, સીવણ-ભરત વગેરે શીખવે છે. પરંતુ તેમના પતિ ઇંગ્લેન્ડથી પાછા ફરતા શારદાબહેન વડોદરા જાય છે. આમ પોતાનું કાર્યક્ષેત્ર વડોદરા શહેરને બનાવે છે.

વડોદરા શહેરમાં મહારાણી ચિમનાબાઈની છત્રછાયા હેઠળ અનેક સ્ત્રી સંગઠનો કાર્યરત હતા, જેમાં શારદાબહેન જોડાય છે. વડોદરાના વસવાટ દરમિયાન શારદાબહેન ૧૯૦૩માં લેડિસ ક્લબની સ્થાપના કરે છે, લેડિસ ક્લબ તે સમયે સ્ત્રીઓને મળવાનું સ્થળ તો હતું જ. એ ઉપરાંત સ્ત્રીઓના શિક્ષણ અને સમાજિક વિષયો પર ચર્ચા કરવાનું સ્થળ બની રહ્યું. શારદાબહેને વડોદરામાં 'ચીમનાબાઈ સ્ત્રી સમાજ'નું કાર્ય સંભાળવાની સાથે મુંબઈમાં કરસનદાસ ચિતળીઆએ સ્થાપેલ 'ભગિની સમાજ'ના પ્રમુખ તરીકે પણ કામ કર્યું. શ્રીમંત કુટુંબમાંથી આવતા હોવાછતાં ૧૯૦૬માં શારદાબહેન અને પતિ સુમંત મહેતાએ પરદેશી વસ્તુઓનો ત્યાગ કરી દીધો હતો. આ દરમિયાન શારદાબહેન વડોદરાથી અમદાવાદ પાછા ફરે છે, ત્યારે તેઓ મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ આવે છે. આમ સામાજિક વિષયોની સાથે તેઓ રાજકીય વિષયમાં પણ રસ લેતા બન્યા. ગાંધીયુગના પ્રભાવકતા હેઠળ વિદેશી કાપડના બહિષ્કાર કાર્યમાં અન્યબહેનો દ્વારા થતું, તેમાં પણ શારદાબહેન ભૂમિકા ભજવે છે.

૧૯૧૭માં શારદાબહેન પસંદગી 'સંસાર સુધારા પરિષદ'ના પ્રમુખ તરીકે પસંદગી પામે છે. આમ યુવાવસ્થામાં જ શારદાબહેન સામાજિક અને રાજકીય જાહેર જીવનનો ભાગ બને છે, તેઓ મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે મળીને અમદાવાદમાં છોકરીઓ માટેની એક અલાયદી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થા શરૂ કરે છે, આજે પણ આ શિક્ષણ સંસ્થા અમદાવાદ ખાતે SLU મહિલા કોલેજ તરીકે કાર્યરત છે. શારદાબહેને આત્મકથા ઉપરાંત વિવિધ વિષયો પર સાહિત્યનું સર્જન કર્યું છે. તેમણે રમેશચંદ્ર દત્તના પુસ્તક 'The lake of Palms' નો ગુજરાતી અનુવાદ કર્યો છે. તો ફ્લોરેન્સ નાઇટિંગલનું જીવન ચરિત્ર પણ આલેખ્યુ છે, આ ઉપરાંત બાળકોનું ગૃહશિક્ષણ પરના પુસ્તકો લખ્યા છે. જાહેરક્ષેત્રમાં કાર્યરત હોવાછતાં તેઓ બાળઉછેર અને ઘરસંસારની જવાબદારીઓ સહજતાથી નિભાવી જાણી છે. તે સમયના સુંદરી સુબોધ નામનાં મહિલા સામયિકમાં પણ તેઓ અવારનવાર લેખ લખતાં.

## સમાપન:

આત્મકથા દ્વારા લખનારના જીવન અનુભવો અને તેના જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણ ને સમજી શકાય છે. કારણ આત્મકથા લખતી વખતે લખનારે પોતાની આસપાસના સમાજની જે સમજ ઊભી કરે છે એ સમજને વાચક સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. આમછતાં આત્મકથાનું કથન વાચક વર્ગ વસ્તુનિષ્ઠ અને ભાવનિષ્ઠ એમ બંને દ્રષ્ટિએ સમજી શકે છે. તેમ છતાં સદી પૂર્વે કે ભૂતકાળમાં લખાઈ ગયેલી આત્મકથા માનવીની સામાજિક ઉત્ક્રાંતિનો ખ્યાલ આપે છે.

શારદાબહેનની આત્મકથા સો વર્ષ પહેલા ગુજરાતનાં સમાજ જીવનમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જા અને પરિસ્થિતિનો ચિત્તાર આપે છે. શારદાબહેનની આત્મકથાને વાંચતા સમજાય છે કે, તેઓ ગુજરાતની એક ભદ્ર અને શિક્ષિત ગણાતાં નાગર જ્ઞાતિમાંથી આવતા હતા. આમ છતાં શિક્ષણ મેળવવા અને જાહેર જીવન દરમિયાન સંઘર્ષોનો સામનો કરવો પડ્યો.

જે સ્ત્રીઓ પરંપરાગત સામાજિક રસ્તા છોડીને નવા ચીલ ચાતરવાનો પ્રયાસ કરે છે તેઓ એક રીતે તે સમયે સમાજ સામે બાથ ભીડવાનું કામ કરે છે. પરિણામે અનેક અવરોધો વચ્ચે ટકવા માટે આત્મિક બળ માગી લે છે.

શારદાબહેને પોતે આત્મકથામાં શિક્ષણ મેળવવા દરમિયાન થયેલા અનુભવો અને તે પછી જાહેરજીવનમાં થયેલા અનુભવોને પોતાની આત્મકથામાં વર્ણવે છે. શારદાબહેન શિક્ષણ મેળવી શક્યા કારણ કે તેઓ સુધારક અને સમાજના ભદ્ર ગણાતા એવા કુટુંબમાંથી આવતા હતા. પણ તે સમયની અન્ય સમાજની સ્ત્રીઓની સ્થિતિ વિશે કોઈ સ્ત્રીએ જાતે લખ્યું હોય એવું બન્યું નથી. શારદાબહેનની આ આત્મકથા ખૂબ મોડેથી પ્રકાશિત થઈ છે.

આપણે ત્યાં મહિલાઓ વિશેના જીવન ચરિત્રો જરૂર લખાયા છે પરંતુ જાહેરજીવનમાં પડેલ સ્ત્રીએ લખેલ આત્મકથાઓ ઓછી છે. વર્તમાન સ્ત્રીઓના સામાજિક શૈક્ષણિક દરજ્જામાં આવેલ સમાનતાને સમજવા માટે સ્ત્રીઓ દ્વારા લખાયેલ

https://www.gapbhasha.org/

આત્મકથા દ્વારા સ્ત્રીઓના માનવીય અધિકારો માટે પાયાનો સંઘર્ષ જાણી શકાય છે. જે તે સમયે લખાયેલ આત્મકથા સ્ત્રીઓના દરજ્જા અને સામાજિક પરિવર્તન પર સંશોધન કરી રહેલા અભ્યાસકર્તાઓ માટે મહત્વનો દસ્તાવેજ બની રહે છે.

## સંદર્ભ

[1] દવે નર્મદ, મારી હકીકત, સંપાદક રમેશ શુકલ, પાર્શ્વ પબ્લિકશન, અમદાવાદ, ૨૦૦૩
[2] દેસાઇ નીરા, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૯૮
[3] ગાંધી મોહનદાસ ક., સત્યના પ્રયોગો, નવજીવન ટ્રસ્ટ
[4] મહેતા શારદા, જીવનસંભારણા, શ્રવણ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૩
[5] મહેતા સુમંત, આત્મકથા, અમદાવાદ, મહાકવિ નાનાલાલ સ્મારક ટ્રસ્ટ,૧૯૭૧
[6] યાજ્ઞિક ઇન્દુલાલ, આત્મકથા ભાગ ૧,૨, અરુણાબહેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ, ૨૦૧૧

https://www.gapbhasha.org/